# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 15-06-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ બીએસએફને ડ્રગ્સ ઝડપવામાં વધુ એક સફળતા. જખોના દરિયાકાંઠાના વિસ્તારમાંથી ડ્ગ્સના 20 બિનવારસી પેકેટ જપ્ત
- ✓ અમરેલીના સુરાગપુરા ગામે બોરમાં પડેલી બાળકીનું મોત... એનડીઆરએફ અને સ્થાનિક તંત્રની 17 કલાકની જહેમત બાદ બાળકીનો મૃતદેહ બહાર આવ્યો.
- ✓ હવામાન વિભાગે આજે પણ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી,,, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વરસાદની વકી, છેલ્લા ચોવિસ કલાકમાં 18 તાલુકામાં સામાન્યથી મધ્યમ વરસાદ વરસ્યો.
- ✓ યુનેસ્કો દ્વારા વિશ્વના સાત સુંદર મ્યુઝિયમોની જાહેર કરાયેલી યાદીમાં ભૂજના સંગ્રહાલયનો સમાવેશ... સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને મળેલા સ્થાન અંગે મુખ્યમંત્રીએ ખુશી વ્યક્ત કરી.
- ✓ ભગવાન જગન્નાથની ઐતિહાસિક રથયાત્રા અંતર્ગત અમદાવાદમાં સુભદ્રા મેડિકલ રથને પ્રસ્થાન કરાવાયું... શહેર કોટડા પોલીસ સ્ટેશન ખાતે રખાયેલા રથમાં મહિલાઓ માટે મેમોગ્રાફી ટેસ્ટ સહિતની તપાસ થશે.

## KUTCH DRUGS

કચ્છના દરિયાઇ સીમામાંથી ફરી ડ્રગ્સ ઝડપાયું હતું.. બીએસએફ દ્વારા હાથ ધરાયેલા ઓપરેશનમાં જખૌ પાસેથી ડ્રગ્સ ના વધુ 10 પેકેટ મળી આવ્યા હતા.

દરિયાઇ વિસ્તારમાં બીએસએફના જવાનોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું.. આ શોધખોળ અભિયાન દરમિયાન  જખૌ દરિયા કિનારાથી 5 કિમી દૂર પેકેટ મળી આવ્યા

હતા..કચ્છના દરિયા કિનારાના વિસ્તારમાં નશાકારક દ્રવ્યોનો મોટાપાયે જથ્થો મળી આવતો હોવાના કારણે બીએસએફ દ્વારા સતત પેટ્રોલિંગ હાથ ધરાઇ રહ્યું છે.

.................

## AMRELI BALKI

અમરેલીના સુરાગપરા ગામેં બોરમાં પડેલી બાળકી આરોહી જીંદગી સામે જંગ હારી ગઇ હતી.

એનડીઆરએફ અને અમરેલી ફાયર વિભાગ દ્વારા આરોહીને બોર માંથી જીવીત બહાર લાવવા માટે સઘન ઓપરેશન હાથ ધરાયું હતું.. પરંતુ 17 કલાક ના ઓપરેશન બાદ આરોહીનો મૃતદેહ  બોરમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો..સ્થાનિક તંત્ર, અમરેલી ફાયર વિભાગ અને એન ડી.આર.એફ.ની ટિમે આ ઓપરેશનમાં ભારે જહેમત કરી હતી પરંતુ તેમ છતા પણ આરોહીને બચાવી શકાઇ ન હતી..બાળકીના મોતને કારણે સમગ્ર વિસ્તારમાં શોક વ્યાપી ગયો હતો.

.................

## Tapi Mango competition

તાપી જિલ્લાના વ્યારામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ગઇકાલે કેરી પાક પર પરિસંવાદ અને કેરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 50થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો.

હાલ કેરીની સિઝન ચાલી રહી છે, ત્યારે કેરી રસિયાઓ અને કેરી ઉગાડતા ખેડૂતોને કેરીના પાકની માહિતી મળી રહે તે હેતુથી કેરીની વિવિધ જાતો, ગુણવત્તા, ઉત્પાદન વગેરેને લઈ એક કેરી હરિફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

(બાઇટ    NIKULSHING CAHUHAN NAVSARI KRUSHI UNIVERCITY )

.................

## WEATHER

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી 48 કલાક દરમિયાન રાજ્યના બનાસકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, દાહોદ, છોટાઉદેપુર, સુરત વગેરે જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે.

અમદાવાદ જિલ્લા તથા તેના આસપાસના વિસ્તારોમાં સાંજે તથા રાત્રે વરસાદ પડવાની સંભાવના છે.

ઉપરાંત છેલ્લા 24 કલાકમાં 18 તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ભાવનગર જિલ્લાના પાલીતાણા 30 મીલીમીટર વરસાદ નોંધાયો હતો.

.................

## KUTCH MUSEUM UNESCO

UNESCO ખાતે પ્રતિ વર્ષ જાહેર કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત  Prix Versailles એવોર્ડ અંતર્ગત ભુજના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના 7 સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે.મુખ્ય મંત્રી ગુજરાત અને સમગ્ર દેશ માટે આ ઘડી ને ઐતિહાસિક ગણાવી અભિનંદન પાઠવ્યા છે

ભારતના કોઈ મ્યુઝિયમને પહેલીવાર આ પ્રકારે સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃતિ સંરક્ષણની અભિવ્યક્તિ માટે વૈશ્વિક માન્યતા પ્રાપ્ત થઈ છે, તે ગુજરાત માટે ગર્વની વાત છે.તેવું મુખ્ય મંત્રી એ કહ્યું છે.

ભૂજિયા ડુંગર પર હજારો વૃક્ષોની હરિયાળી વચ્ચે નિર્મિત આ મ્યુઝિયમની ડિઝાઈન અદ્‌ભુત છે. આ મ્યુઝિયમ પડકારોને હિંમતભેર ઝીલીને તેમાંથી નવસર્જન કરવાની ગાથા છે.. આ મ્યુઝિયમ પરમતત્વની અલૌકિક અનુભૂતિ છે. 22 માસ ના ગાળા માં આ મ્યુઝિયમ ની સાડા નવ લાખ થી વધુ પ્રવાસીઓ મુલાકાત લઇ ચુક્યા છે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.................

## SUBHADRA RATH

ભગવાન જગન્નાથજીની 147 મી રથયાત્રા અનુસંધાને અમદાવાદ શહેર પોલીસ અને જી.સી.એસ હોસ્પિટલના સહયોગથી મેડિકલ ચેકઅપ અને સુભદ્રા આરોગ્ય રથનું આયોજન કરાયું છે.

શહેર કોટડા પોલીસ સ્ટેશન ખાતે અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિક, મેયર પ્રતિભા જૈન મહંત દિલીપદાસ મહારાજે રથનો શુભારંભ કરાવ્યો હતો. સુભદ્રા આરોગ્ય રથ આગામી ૧૦ દિવસ શહેર કોટડા પોલીસ મથક ખાતે રહેશે. જ્યાં મહિલાઓ મેડિકલ ચેકઅપ કરાવી મેમોગ્રાફી અને પેપટેસ્ટની તપાસ કરાવી શકશે.

.................

## Mockdrill Godhra

ગોધરા શહેરમાં તળાવમાં ડુબતા વ્યક્તિને બચાવવા માટેની મોકડ્રિલ યોજાઈ હતી.

ફાયર વિભાગ દ્વારા આવા સમયે  બચાવની કામગીરી કરવા અંગેની સમજ આપવામાં આવી હતી.

આ અંગે ચીફ ઓફિસર આર.એસ.પટેલે વધુ વિગતો આપી હતી.

(બાઇટ- ચીફ ઓફિસર ગોધરા નગરપાલિકા આર.એચ.પટેલે)

.................

## RAJKOT KAROBARI RUPALA

રાજકોટ જિલ્લા પંચાયત કચેરી ખાતે નવનિયુક્ત સાંસદ પરસોત્તમ રૂપાલાના અધ્યક્ષસ્થાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ હતી.

જેમાં સાંસદે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત કાર્યરત વિવિધ યોજનાઓની કામગીરીની ભૌતિક અને નાણાંકીય સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં મિશન મંગલમ્, મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ, પ્રધાનમંત્રી આવાસ યોજનાના ચાલુ કામો અને પ્રગતિ હેઠળના કામો વિષે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં મે, ૨૦૨૪ અંતિત થયેલા કામોને બહાલી અપાઈ હતી.

આ ઉપરાંત, મનરેગા હેઠળ લેબર મટીરીયલ રેશિયો અને મોબાઈલ મોનીટરીંગ સીસ્ટમ, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬થી વર્ષ ૨૦૨૩ સુધીના લક્ષ્યાંકો, મંજૂર અને ફાળવાયેલા આવાસો વગેરે જેવી બાબતો વિષે આ બેઠકમાં સવિસ્તર ચર્ચા-વિચારણા કરાઈ હતી.

.................

## PATAN TB MUKT

પાટણ જિલ્લામાં 9 તાલુકાની કુલ 19 ગ્રામ પંચાયતોને 'ટીબી મુક્ત' ગ્રામ પંચાયતો જાહેર કરવામાં આવી છે.

પાટણ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં ટીબી રોગ અટકાયત અંગેની જિલ્લા સર્વેલન્સ અને સંકલનની જિલ્લા કક્ષાની મિટિંગ યોજવામાં આવી હતી. આ મિટિંગમાં જિલ્લાના આરોગ્ય વિભાગને લગતી તમામ શાખાઓ અને વિભાગોની આરોગ્યની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી અને જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

બેઠકમાં જિલ્લા ક્ષય અધિકારી ડો. ડી.એન. પરમારે ટીબી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત માહિતી આપતા ડો. પરમારે જણાવ્યું હતું કે પાટણ જિલ્લામાં પાયાના લેવલેથી ટીબી મુક્ત ગામ બનાવવાની પહેલ અંતર્ગત નવ તાલુકાઓમાં ગ્રામ પંચાયતોને ટીબી મુક્ત કરવાના 26 ગામોના લક્ષ્યાંક સામે 19 ગ્રામ પંચાયત ટીબી મુક્ત જાહેર કરાયેલ છે.

.................